દ્વારા આયોજિત

ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા
ગુજરાતી વિભાગ

## રાષ્ટ્રીય પરિસંવાદ

# ભાષાઅભ્યાસનાં પાસાં

**(ગુજરાતી ભાષાઃ નવતર પ્રયોગો, આયામો અને મહિમા)**

**તા. 21 ફેબ્રુઆરી 2026**

: સ્થળ :

**ગૂજરાત વિદ્યાપીઠ**

આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯
ઈ મેઈલ : seminar.linguastic@gujaratvidyapith.org
ફોન : 079-40016200
www.gujaratvidyapith.org | @gvp1920

૧૮ ઓક્ટોબર, ૧૯૨૦ ના રોજ મહાત્મા ગાંધી દ્વારા સ્થાપના કરવામાં આવી હતી. ગૂજરાત વિદ્યાપીઠ ૧૯૬૩ થી એક ડીમ્ડ ટૂ બી યુનિવર્સિટીની માન્યતા ધરાવે છે.

ગૂજરાત વિદ્યાપીઠને ઉચ્ચશિક્ષણના અભ્યાસક્રમો માટે યુ.જી.સી. (યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન) દ્વારા નાણાં ભંડોળ પૂરું પાડવામાં આવે છે. તેની શરૂઆત રાષ્ટ્રીય વિદ્યાપીઠ તરીકે આઝાદીની ચળવળના પગલે થઇ હતી. મહાત્મા ગાંધી આજીવન તેના કુલપતિ (ચાન્સેલર) રહ્યા. આ સંસ્થા નર્સરીથી લઈને ડૉક્ટરેટ સ્તર સુધી શિક્ષણની એક સંકલિત પ્રણાલી સાથે ઉચ્ચશિક્ષણ આપે છે.

## ગુજરાતી વિભાગ :

ભારત સરકારે ઈ.સ. 1963માં સંસ્થાને ડિમ્ડ ટૂ બી યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો ત્યારથી ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગની સ્થાપના થઈ. ઈ.સ. 1965 સુધી સ્નાતકકક્ષા, ઈ.સ. 1965થી અનુસ્નાતક અને પીએચ.ડી. સુધી તથા ઈ.સ. 1978થી એમ.ફિલ. સુધીનો અભ્યાસક્રમ વિભાગમાં ચાલે છે. આમ તો ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના સમયથી જ ભાષા-સાહિત્યનું અધ્યયન-અધ્યાપન અને સંશોધનની પ્રવૃત્તિ નિરંતર ચાલતી જ રહી છે. અગાઉ ગ્રામસેવા સંકુલ, રાંધેજા ખાતે બહેનો માટે બી.એ. ગુજરાતી અને ગ્રામસેવા સંકુલ , સાદરા ખાતે બી.એ. ગુજરાતી ભાઈઓ માટે અભ્યાસ કરાવવામાં આવતો હતો.

ગુજરાતી વિભાગ મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાના ધ્યેયો અને મૂળ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ અને પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. સાહિત્ય અને અન્ય કળાઓ તથા સમૂહમાધ્યમ, સમાજ, પર્યાવરણ, કૉમ્પ્યુટર સાથે જોડીને તેના અધ્યયન-અધ્યાપન દ્વારા સામાજિક અનુબંધ રચવાનો પ્રયત્ન કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત આંતરવિદ્યાકીય અભ્યાસ, ડાયસ્પોરા સાહિત્ય, અનુવાદ સાહિત્ય, ભારતીય જ્ઞાનપરંપરા આધારિત અભ્યાસક્રમો અમલમાં છે.

યુ.જી.સી. તેમજ ગૂજરાત વિદ્યાપીઠ અને અન્ય સંસ્થાઓ દ્વારા અનુદાન મેળવીને નિરંતર સંશોધન કાર્ય થતું રહે છે. જેમાં ભાષા, વ્યાકરણ, ગુજરાતની જુદી જુદી બોલીઓ, લોકસાહિત્ય, સાહિત્યમાં નારીવાદ, દલિતચેતના, ગ્રામચેતના, તુલનાત્મક સાહિત્ય, ગાંધીરચિત અને પ્રભાવિત સાહિત્ય, અનુવાદ સાહિત્ય, આદિવાસી સાહિત્ય, કોશ વિશેનું સંશોધન, સૂચિકરણની કામગીરી તથા સાહિત્યના સર્જકો, સ્વરૂપોને કેન્દ્રમાં રાખીને વિભાગ સંશોધન કાર્ય કરે છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ :

ઈ.સ.૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદ ગુજરાતના સંસ્કાર પુરુષ રણજિતરામ વાવાભાઈના પ્રયત્નોથી અસ્તિત્વમાં આવી. પરિષદના પ્રથમ સંમેલનના પ્રમુખ તરીકે મહાન નવલકથાકાર ગોવર્ધનરામ મા. ત્રિપાઠીની સેવા સાંપડી. ઈ.સ.૧૯૨૦માં કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું અતિથિવિશેષપદ નોંધપાત્ર હતું. ઈ.સ.૧૯૨૮થી ૧૯૫૫ સુધી પરિષદનું સુકાન કનૈયાલાલ મુનશીએ સંભાળ્યું હતું. અમદાવાદમાં ઈ.સ.૧૯૩૬માં યોજાયેલું બારમું પરિષદ-સંમેલન મહાત્મા ગાંધીજીના પ્રમુખપદથી અવિસ્મરણીય બની રહ્યું.

ઈ.સ.૧૯૫૫માં ગોવર્ધનરામની જન્મભૂમિમાં અને એમની જન્મશતાબ્દીના વર્ષમાં પરિષદ પુનર્જન્મ પામી. એ પછી સાહિત્ય પરિષદના સભ્યો દ્વારા ચૂંટાયેલા હોદ્દેદારો દ્વારા તેનું સંચાલન થાય છે. ઉમાશંકર જોશી અને યશવંત શુક્લએ સાહિત્ય પરિષદના લોકશાહી સ્વરૂપની માવજતમાં ઊંડો રસ લીધો અને સંસ્થાને આજીવન સેવા આપીને પરિષદનું નૂતન લોકાભિમુખ સ્વરૂપ વિકસાવ્યું.

'કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર (ક.લા.સ્વાધ્યાયમંદિર)' દ્વારા ગુજરાતી ભાષાસાહિત્યના સંશોધન -સંપાદન - વિવેચનના મહત્ત્વના ગ્રંથો પ્રકાશિત થયા. આ ઉપરાંત પરિષદનું 'ચીમનલાલ મંગળદાસ જાહેર ગ્રંથાલય' પ્રશિષ્ટ ગ્રંથો, ગ્રંથ સંગ્રહો અને સામયિકો સંદર્ભે સમૃદ્ધ થયું. પરિષદના મુખપત્ર 'પરબ'નું સ્વરૂપ બદલાયું અને તે સાહિત્ય સર્જન-વિવેચન અને સંશોધનના ધ્યાનપાત્ર માસિક તરીકે સ્થિર થઈને પ્રતિષ્ઠા પામ્યું.

## પરિસંવાદ વિશે...

ભાષાવિજ્ઞાન રસપ્રદ વિષય છે. તે ભાષાના વિવિધ અંગોની મૂળગામી ચર્ચા કરે છે. ભાષાવિજ્ઞાનનાં પાસાંના અભ્યાસ દ્વારા ભાષાનાં આયામો જેવા કે, ભાષા વ્યવસ્થા અને ભાષાવિજ્ઞાનનાં સિદ્ધાંતો, ગુજરાતી રૂપવ્યવસ્થા, પદવ્યવસ્થા (નામપદ-ક્રિયાપદ), વાક્યરચના, મનોભાષાવિજ્ઞાન, બોલીવિજ્ઞાન, સામાજિક ભાષાવિજ્ઞાન વગેરેને સિદ્ધ કરે છે. બાળકનાં જન્મથી જ ભાષા સાથેનો તેનો નાતો બંધાય છે. ઉત્તરોત્તર તેના વિકાસની ગતિ ધીમેધીમે દરેક ક્ષેત્રમાં વિકસતી જાય છે. એ રીતે ભાષા માનવજીવનનું અભિન્ન અંગ બને છે.

ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપનાકાળથી જ ભાષા વિશેની સભાનતા અને તેના ઘડતરની પ્રક્રિયા બાબતનું કામ થયું છે. ભાષા અને સાહિત્ય સંબંધી કાર્ય આઝાદીની લડત માટે પ્રેરક પણ બન્યું છે. ગાંધીજી પોતે સારા સર્જક હતા. એમણે સાહિત્યિક પત્રકારત્વનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે. એમના લખાણોએ વિચારોની ધારદાર રજૂઆત અને સરળ સાદા ગદ્ય દ્વારા ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગાંધીજીની પ્રેરણાથી ગૂજરાત વિદ્યાપીઠે તૈયાર કરાવેલ સાર્થ ગૂજરાતી જોડણીકોશ એ ગુજરાતી ભાષાની જોડણી અને અર્થ માટે પ્રખ્યાત છે.

## પરિસંવાદનાં વિષયો:

- ભાષા વ્યવસ્થા અને ભાષાવિજ્ઞાનના સિદ્ધાંતો
- ગુજરાતી રૂપવ્યવસ્થા
- પદવ્યવસ્થા (નામપદ-ક્રિયાપદ), વાક્યરચના
- મનોભાષાવિજ્ઞાન, સામાજિક ભાષાવિજ્ઞાન
- બોલીવિજ્ઞાન (શાંતિભાઈ આચાર્યનું બોલીવિજ્ઞાનમાં પ્રદાન, ભારતીબેન મોદીનું બોલી વિજ્ઞાનમાં પ્રદાન, યોગેન્દ્ર વ્યાસનું બોલીવિજ્ઞાનમાં પ્રદાન)
- ભાષાશિક્ષણ અને રોજગાર
- ભાષાશિક્ષણની વિવિધ તરેહો (પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર અને યુનિવર્સિટી શિક્ષણ)
- ભાષાવિજ્ઞાન અને વિવિધ ક્ષેત્રો
- ભાષાશિક્ષણ અને અનુવાદ ક્ષેત્ર
- જાહેર વહીવટ અને ભાષાશિક્ષણ
- ગુજરાતી ભાષાવિજ્ઞાનીઓનું પ્રદાન
- ભાષાશિક્ષણ સાથે સંલગ્ન અન્ય વિષયો

## મહત્વપૂર્ણ તારીખ:

- પરિસંવાદ તારીખ: 21/02/2026
- પેપર મોકલવાની અંતિમ તારીખ: 15/02/2026
- પેપર સ્વીકૃતિની અંતિમ તારીખ: 18/02/2026

## નોંધણી:

આ પરિસંવાદમાં અધ્યાપકો, સંશોધકો, વિદ્વાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ તથા ભાષા અને ભાષાવિજ્ઞાનમાં રસ ધરાવતા સૌ કોઈ ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે નીચેની લીંક પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે અને રજિસ્ટ્રેશન ફી નીચે મુજબ રહેશે.

**ગૂગલ ફોર્મ લીંક:** https://forms.gle/sZKtE53bJuspFZTD7

**રજિસ્ટ્રેશન ફી લીંક:** https://gujaratvidyapith.org/gvppayment/sbi/

- અધ્યાપકો, સંશોધકો, વિદ્વાનો, શિક્ષકો માટે 300/- રૂ.
- વિદ્યાર્થીઓ માટે 200/- રૂ.

## પેપર મોકલવાની માર્ગદર્શિકા:

- ગુજરાતી ભાષામાં એમ.એસ.વર્ડ ફોર્મેટમાં શ્રુતિ ફોન્ટ 12માં મોકલવું.
- સંશોધન પત્રમાં શીર્ષક, લેખકનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને ઈમેલ લખવું ફરજિયાત છે.

## પેપર મોકલવા માટે ઈ-મેલ:

seminar.linguastic@gujaratvidyapith.org

## સંપર્ક:

**પરિસંવાદ સંયોજક**

ડૉ. બળદેવ મોરી - 9426766013, 6352242236

**સંસ્થા સહાયક**

ડૉ. ધ્વનિલ પારેખ - 9426286261

ડૉ. મહેશ જાદવ - 9429300964

ડૉ. કનુભાઈ વસાવા - 9427472876

### સંરક્ષક

ડૉ. હર્ષદ પટેલ (કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ)

શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ)

ડૉ. હિમાંશુ પટેલ (કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ)

### આયોજન સમિતિ

ડૉ. સંજય મકવાણા

(અધ્યક્ષ અને ડીન, ભાષાભવન)

ડૉ. અરવિંદ ભાંડારી

(મુખ્ય સંપાદક, કોશ કાર્યાલય)

**મંત્રીઓ, ગુજરાતી સાહિત્ય પરિષદ**

સમીર ભટ્ટ, સંધ્યા ભટ્ટ, ભીખેશ ભટ્ટ,

ભરત મહેતા, સેજલ શાહ, રૂપા શેઠ